દિવ્ય ભાસ્કર, ગાંધીનગર આવૃત્તિ, પાના નંબર :- ૦૨

તારીખ :- ૨૮/૦૨/૨૦૨૬

### સંચાલનમાં ઓટોમેટિક ફેર કલેક્શન સિસ્ટમ સહિત તમામ ડિજિટલ સર્વિસ અમલી બનાવાશે

# શહેરમાં ઈલેક્ટ્રિક બસ દરેક મેટ્રો સ્ટેશનને જોડશે

## ટિકિટની સાથે સ્માર્ટ કાર્ડનો પણ ઉપયોગ થશે

ભાસ્કર ન્યૂઝ. ગાંધીનગર

ગાંધીનગરમાં શરૂ થવા જઇ રહેલી ઈલેક્ટ્રીક સિટી બસ સર્વિસમાં ટિકિટ પણ ડિજીટલ રહેશે. આ સર્વિસમાં ઓટો ફેર કલેક્શન સિસ્ટમ કાર્યરત કરાશે. એટલે કે આ બસમાં બેસનાર મુસાફરોએ જાતે જ ટિકિટ લેવાની રહેશે. ટિકિટ માટે સ્માર્ટ કાર્ડ પણ અમલી બનાવવામાં આવશે. મેટ્રોની જેમ જ સ્માર્ટ કાર્ડ મારફતે મુસાફરી કરી શકાશે. સ્ટુડન્ટ્સ માટે પણ ખાસ સ્માર્ટ કાર્ડ ઈશ્યુ કરવામાં આવશે. સંપૂર્ણ સર્વિસ ડિજીટલ રખાશે. ક્યા રૂટની બસમાં કેટલા પેસેન્જરોએ મુસાફરી કરી, કેટલી આવક થઈ સહિતની તમામ બાબતોનો ડેટા રહેશે. સિટી સર્વિસની બસો તમામ મેટ્રો સ્ટેશન, એસટી ડેપો અને રેલવે સ્ટેશન સહિત શહેરના મહત્વના સ્થળો અને મહત્તમ વિસ્તારોને આવરી લેશે.

ગાંધીનગર શહેરમાં આંતરિક પરિવહન માટે પ્રથમવાર ઈલેક્ટ્રીક બસ સર્વિસ શરૂ થવા જઈ રહી છે. કેન્દ્ર સરકારની પીએમ ઈ- બસ યોજના હેઠળ ગાંધીનગરને કુલ 100 ઈ- બસ ફાળવવામાં આવી છે. પ્રથમ તબક્કે 50 બસની ડિલિવરી ટૂંક સમયમાં મળશે અને વધુ 50 બસની ડિલિવરી ચાલું વર્ષમાં મળશે. મહાનગરપાલિકા દ્વારા પ્રથમ તબક્કે માર્ચ મહિનામાં 50 બસથી સિટિ સર્વિસ શરૂ કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આ બસના સંચાલન અને મુસાફર સેવામાં સંપૂર્ણ ટેક્નોલોજી બેઝ સિસ્ટમ લાગુ કરાશે.

### માર્ચમાં 50 અને તે પછીના તબક્કે વધુ 50 મળી કુલ 100 ઇ- બસ શહેરના માર્ગો પર દોડશે



### કંટ્રોલ રૂમમાંથી બસનું મોનિટરિંગ થશે

તમામ બસોમાં ટ્રેકીંગ સિસ્ટમ હશે જેને મહાનગરપાલિકાના સ્માર્ટ સિટી કંટ્રોલ રૂમ સાથે કનેક્ટ કરાશે. કંટ્રોલ રૂમમાંથી બસોનું મેપીંગ થશે. જેથી ક્યારે કેટલી અને કઈ બસો ક્યા સ્ટોપ પર પહોંચી, કેટલી મોડી પડી ક્યા રૂટ પર ક્યા સ્ટોપ પર બસ ઉભી ન રહી સહિતની તમામ બાબતો કંટ્રોલ રૂમમાંથી મોનિટરીંગ કરવામાં આવશે. જ્યાં ક્ષતિ કે બેદરકારી જણાશે ત્યાં તરત જ કાર્યવાહી થઈ શકશે.

### ટૂંક સમયમાં રૂટ જાહેર કરાશે

ઉલ્લેખનીય છે કે મહાનગરપાલિકા દ્વારા આ બસોના સંચાલન, રૂટ મેનેજમેન્ટ સહિતની તમામ બાબતો માટે ખાસ એસવીપી બનાવવામાં આવી છે. જેના દ્વારા શહેરના મહત્તમ વિસ્તારો અને મેટ્રો સ્ટેશનોને આવરી લેતો રૂટ તૈયાર કરવામાં આવી રહ્યો છે જે ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.